નૂતનં માતૃતીર્થં યન્નિમિત્તેન હ્યુપસ્થિતમ્ ।
નારેશે નર્મદાતીરે રુકમામ્બાયૈ નમો નમઃ ।। ૨૧ ।।
માતૈવ કેવલં માતા ન માતુઃ પરદૈવતમ્ ।
સૈવ તે શરણં સત્યં રુકમામ્બાયૈ નમો નમઃ ।। ૨૨ ।।
યદિ સર્વં તવૈવાત્ર હ્યર્પિતં કિં મયા ભવેત્ ।
તથાપિ મે મતં દત્તં રુકમામ્બાયૈ નમો નમઃ ।। ૨૩ ।।
આવાહનં ન જાનામિ ન પૂજાપદ્ધતિં શુભામ્ ।
સ્વીકુરુ પ્રેમપુષ્પાણિ રુકમામ્બાયૈ નમો નમઃ ।। ૨૪ ।।
ભક્તિં મે સ્થિરતાં યાતુ શ્રી દત્તે સદ્ગુરૌ તથા ।
ભગવત્યા કૃપાદૃષ્ટ્યા રુકમામ્બાયૈ નમો નમઃ ।। ૨૫ ।।
ચરિતં હ્યદ્ભૂતં યસ્યા ભુક્તિમુક્તિ 'જય' પ્રદમ્ ।
સર્વમંગલમાઙ્ગલ્યમ્ રુકમામ્બાયૈ નમો નમઃ।। ૨૬ ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રુકમામ્બાપ્રણતિ (અનુવાદ)

રુકમામ્બાયશરાશિ કયાં કયાં મારી લઘુપાત્રતા?
આરંભું ચિત્તશુદ્ધયર્થે, રુકમામ્બાને નમું નમું.॥ ૧ ॥
શ્રીરૂપ રુક્મિણીરૂપ, વિઠ્ઠલેશ્વરવલ્લભા;
સાક્ષાત્ ચિત્ શક્તિરૂપા એ રુકમામ્બાને નમું નમું. ॥ ૨ ॥
પાલી ગામે લઈ જન્મ, કાશી નામ ગૃહે ધર્યું;
પુણ્યશાળી પિતામાતા, રુકમામ્બાને નમું નમું. ॥ ૩ ॥
બાલ્યથી સદ્વ્રતો પાળી, તપ એવું તપ્યાં તમો;
સ્વયં સિદ્ધિ મળી તેથી રુકમામ્બાને નમું નમું. ॥ ૪ ॥
સુશીલ દક્ષ ને સીધાં, શૂચિર્ભૂત દઢવ્રત;
અવધૂતતણી માતા, રુકમામ્બાને નમું નમું. ॥ ૫ ॥
રંગહર્ષદ ને દાન્ત, દર્શનીય પ્રિયવંદા;
વર દેતી ધર્મમાતા, રુકમામ્બાને નમું નમું. ॥ ૬ ॥
આકૃતિ વચને કર્મે, સાધ્વી સતી પતિવ્રતા;
પ્રેરણા પુણ્યશાળીની રુકમામ્બાને નમું નમું. ॥ ૭ ॥
રેણુકા અનસૂયા ને દેવકી દેવહૂતિ શાં;
વિભૂતિ દે ગયાં એવાં, રુકમામ્બાને નમું નમું. ॥ ૮ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંસારથી તપેલાંની ગોદ શીળી શિવપ્રદઃ
વાત્સલ્ય નિર્મળું જેનું, રુકમામ્બાને નમું નમું. ॥ ૯ ॥
દયાર્દ્ર કરુણામૂર્તિ, પ્રાણીનાં પ્રીતિપાત્ર જે;
વસુધા કુલમાતા જે રુકમામ્બાને નમું નમું. ॥ ૧૦ ॥
અનેક શરણાર્થીને મુકત દુઃખથકી કર્યાં;
જીવાડ્યાં આયુ દૈ કોને રુકમામ્બાને નમું નમું. ॥ ૧૧ ॥
સંતતિનેય પાળીને પ્રેમથી નરસિંહની;
પ્રવાહામ કર્યું કર્મ, રુકમામ્બાને નમું નમું. ॥ ૧૨ ॥
વડોદરા તણા સંઘે, પાદુકાકાજ પ્રાર્થતાં;
સંતોષ્યા તે અપાવીને, રુકમામ્બાને નમું નમું. ॥ ૧૩ ॥
બન્યા જે ભૂલના ભોગ, સંત-સાત્વિક રોષથી;
ક્ષમા આપી કરી રક્ષા, રુકમામ્બાને નમું નમું. ॥ ૧૪ ॥
અનેક ગામના વિપ્રો, ભિક્ષુકોય ઘણા વળી;
સંતોષ્યા અન્ન ને વસ્ત્રે, રુકમામ્બાને નમું નમું. ॥ ૧૫ ॥
દીધાં અનેકને પાત્રો ચાંદીનાં, ધન, ગો વળીઃ
શિષ્યવૃત્તિ અનેકોને, રુકમામ્બાને નમું નમું. ॥ ૧૬ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દ્વારકાધીશનાં ધામે, ગિરિએ દત્ત પાદુકા;
દર્શનાર્થે કરી યાત્રા, રુકમાંમ્બાને નમું નમું. ।। ૧૭ ।।
માતૃદેવપદે વંદી, અનુજ્ઞા મેળવી સદા;
રંગદેવે કર્યાં કાર્ય રુકમામ્બાને નમું નમું. ।। ૧૮ ।।
વસી નારેશ્વરે, થાતાં નિમિત્ત લોકસંગ્રહે;
ઉપકાર ઘણો કીધો, રુકમામ્બાને નમું નમું. ।। ૧૯ ।।
માતૃતીર્થ નવું, જેના નિમિત્તે જ બન્યું તહીં;
નારેશે નર્મદાકાંઠે રુકમામ્બાને નમું નમું. ।। ૨૦ ।।
માતા માતા જ છે ફકત, માથી ના શ્રેષ્ઠ દૈવતઃ
મારું એ શરણું સાચું રુકમામ્બાને નમું નમું. ।। ૨૧ ।।
તારું છે જો બધું આંહી, હું તને અર્પી શું શકું?
અર્પું મારું ગણ્યું તે તે રુકમામ્બાને નમું નમું. ।। ૨૨ ।।
આવાહન અને પૂજા-પદ્ધતિ જાણતો નથી;
પ્રેમપુષ્પો સ્વીકારી લો, રુકમામ્બાને નમું નમું. ।। ૨૩ ।।
સ્થિર હો ભક્તિ મારી આ દત્ત ને સદ્‌ગુરુ વિષે;
તારી કૃપા થકી માડી ! રુકમામ્બાને નમું નમું. ।। ૨૪ ।।
લીલા અદ્‌ભુત છે જેની ભોગમોક્ષ 'જય' પ્રદ,
સર્વમંગલમાંગલ્ય, રુકમામ્બાને નમું નમું. ।। ૨૫ ।।

વડોદરા. વિ. સં. ૨૦૨૪ જયંતીલાલ શં આચાર્ય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેવ્યપરાધક્ષમાપનસ્ત્રોમ્

ન મંત્રં નો યંત્રં તદપિ ચ ન જાને સ્તુતિમહો
ન ચાહ્વાનં ધ્યાનં તદપિ ચ ન જાને સ્તુતિકથા : ।
ન જાને મુદ્રાસ્તે તદપિ ચ ન જાને વિલપનં
પરં જાને માતસ્ત્વદનુસરણં કલેશહરણમ્ ॥ ૧ ॥

વિધેરજ્ઞાનેન દ્રવિણવિરહેણાલસતયા
વિધેયાશક્યત્વાત્તવ ચરણયોર્યા ચ્યુતિરભૂત્ ।
તદેતત્ક્ષન્તવ્યં જંનનિ સકલોદ્ધારિણિ શિવે
કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ ॥ ૨ ॥

પૃથિવ્યાં પુત્રાસ્તે જનનિ બહવઃ સન્તિ સરલાઃ
પરં તેષાં મધ્યે વિરલતરલોઽહં તવ સુતઃ ।
મદીયોઽયં ત્યાગઃ સમુચિતમિદં નો તવ શિવેઃ ।
કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ ॥ ૩ ॥

જગન્માતર્માતસ્તવ ચરણસેવા ન રચિતા
ન વા દત્તં દેવિ દ્રવિણમપિ ભૂયસ્તવ મયા ।
તથાપિ ત્વં સ્નેહં મયિ નિરુપમં યત્પ્રકુરુષે
કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ ॥ ૪ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરિત્યકતા દેવાન્ વિવિધવિધસેવાકુલતયા
મયા પંચાશીતેરધિકમપનીતે તુ વયસિ ।
ઈદાનીં ચેન્માતસ્તવ યદિ કૃપા નાપિ ભવિતા
નિરાલમ્બો લમ્બોદરજનનિ કં યામિ શરણમ્ ।। ૫ ।।
શ્વપાકો જલ્પાકો ભવતિ મધુપાકોપમગિરા
નિરાતંકો રંકો વિહરતિ ચિરં કોટિકનકૈઃ ।
તવાપર્ણે કર્ણે વિશતિ મનુવર્ણે ફલમિદં ।
જનઃ કો જાનીતે જનનિ જપનીયં જપવિધૌ ।। ૬ ।।
ચિતાભસ્માલેપો ગરલમશનં દિક્પટધરો
જટાધારી કંઠે ભુજગપતિહારી પશુપતિઃ ।
કપાલી ભૂતેશો ભજતિ જગદીશૈકપદવીં
ભવાનિ ત્વત્પાણિગ્રહણપરિપાટીફલમિદમ્ ।। ૭ ।।
ન મોક્ષસ્યાકાંશા ભવવિભવવાંછાડપિ ચ ન મે
ન વિજ્ઞાનાપેક્ષા શશિમુખિ સુખેચ્છાડપિ ન પુનઃ ।
અતસ્ત્વાં સંયાચે જનનિ જનનં યાતુ મમ વૈ
મૃડાની રુદ્રાણી શિવ શિવ ભવાનીતિ જપતઃ ।। ૮ ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારાધિતાસિ વિધિના વિવિધોપચારૈ :
કિં રુક્ષચિન્તનપરૈર્ન કૃતં વચોભિઃ।
શ્યામે ત્વમેવ યદિ કિંચન મય્યનાથે
ધત્સે કૃપામુચિતમમ્બ પરં તવૈવ ।। ૯ ।।
આપત્સુ મગ્નઃ સ્મરણં ત્વદીયં
કરોમિ દુર્ગે કરુણાર્ણવેશિ।
નૈતચ્છઠત્વં મમ ભાવયેથાઃ।
ક્ષુધાતૃષાર્તા જનની સ્મરન્તિ ।। ૧૦ ।।

જગદમ્બવિચિત્રમત્ર કિં પરિપૂર્ણાસ્તિ ચેન્મયિ।
અપરાધપરંપરાવૃતં ન હિ માતા સમુપેક્ષતે સુતમ્ ।। ૧૧ ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રી રંગ અડતાલીસી

જય દુઃખહારક રંગ દયાળ, તુંજ એક ભક્તન પ્રતિપાળ,
સાક્ષાત્ દત્તાત્રેય અવતાર, પ્રગટ્યો જગકારણ નિર્ધાર .
પીડિત પામર મનુષા દેહ, શાન્ત પમાડ્યા નિઃસંદેહ ;
ટાળ્યાં ભૂત પિશાચ અનેક, ભક્તજનોનો રાખ્યો ટેક.
કરી કૃપાદૃષ્ટિ એક જ વાર, વિપ્ર પુત્રનો ટાળ્યો ભાર ;
હસતા મુખડે કરી કટાક્ષ, મૂઢ બન્યો જ્ઞાની સાક્ષાત્.
દર્દ પીડાતી બ્રાહ્મણ બાઈ મૃત્યુના મુખમાં હોમાઈ ;
નિમિત્ત ઔષધ માટી દઈ, કીધી સજીવન તેં સુખ દઈ.
એવાં કીધાં કંઈ કંઈ કામ, વર્ણવતાં ધી થાય વિરામ ;
પતિતોદ્ધારક તારું નામ, રંગ રંગ જય પૂરણકામ.
દ્રવ્ય ગુમાવેલો એ યવન, આવ્યો તુજ પાસે ભગવન્ ;
કરી કૃપા તેની પર ખાસ પૂરણ કીધી એની આશ.
ક્ષય લકવાદિક અસાધ્ય રોગ, કંઈક મટાડ્યાં નિમિત્ત ભોગ ;
શ્રદ્ધા ભક્તિથી જે જાય તેની સહાયે તું ગુરુરાય.
યવન તણી શ્રદ્ધાને કાજ ; દીધાં દર્શન તેં ગુરુરાજ ;
તેલ સુગંધિત તારે કાજ, લઈને ઊભો' તો મહારાજ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાત્રે સ્વપ્નામાં જઈ નાથ, તેલ સ્વીકાર્યું તેં સાક્ષાત્ ;
એવા દીનદયાળુ નાથ, કેમ ન ઝાલે મારો હાથ ?
દોડ દોડ ઓ સદ્‌ગુરુ નાથ, હું છું તારો દીન અનાથ ;
તું વિણ મારું કોઈ ન સાથ, શીદ દુભવે બાળક તાત ?
સદ્‌ભાગી હરગોવિંદદાસ, ભવસાગરથી તાર્યા ખાસ ;
ધન ધન દાસકુટુંબ પરિવાર, જેના પર તુજ કૃપા અપાર.
ધન નારેશ્વર રેવાતીર, ધન જ્યાં વાસ કરે મુનિ ધીર ;
ધન ધન પંખી ધન તે વન, તુજ ચરણોથી થયું પાવન.
ધન તે મનુજો, ધન તે ભક્ત, જે તુજ ચરણે રહે આસક્ત ;
ધન તે નેત્રો, ધન તે કાન, કરે તુજ દર્શન, સુણે વાણ.
ધન તે જીહ્વા ધન તે સુખ, કરે તુજ કીર્તન પામે સુખ ;
ધન તે ગુજરાતી ધન ગુજરાત, વાસ કરે જ્યાં દત્ત સાક્ષાત્
પ્રણમું વારંવાર જ દેવ ! તન મન ધનથી કરું નિત સેવ ;
જેવો તેવો તો પણ બાળ, દોષ ન જોશો રંગ દયાળ ;
પરમ સદ્‌ગુરુ વાસુદેવ, તેને તું વ્હાલો તતખેવ ;
આવી સ્વપ્ને ઝાલ્યો હાથ, પાંડુરંગ બન્યા સનાથ.
વાસુદેવ તણા પ્રિય પુત્ર, પાંડુરંગ બન્યા અવધૂત ;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારેશ્વરમાં કીધો વાસ, રંગ નહિ દત્તાત્રેય ખાસ .
મનુજ કહે તુજને મૂઢ જન, તું છે દત્તાત્રેય ભગવન્ ;
લળી લળી વંદું વારંવાર, તું જ એક ભક્તન આધાર.
પદ્મ સમાં બે નેત્ર ઉઘાડ, દૃષ્ટિ કર મુજ પર એક જ વાર ;
નિતનિત ગાઉં તારાં ગાન, તું વિણ મારું કોઈ ન આન.
અલ્પમતિથી કરું સ્તવન, સ્વીકારી સુખ દે ભગવન્
ધર્યું કમંડલ ડાબે હાથ, કરવા શાંત જનમનાં પાપ.
જમણે હાથે ધરિયો દંડ, આણ્યો કામક્રોધનો અંત ;
પાંવ પાદુકા ખટ ખટ થાય, નાદ સુણી ભૂત ભાગી જાય.
નાસે ભૂત પિશાચ અસુર, જ્યાં જાએ તુજ પદરજ ધૂળ;
ધૂપ દીપ સાથે જે એમ, પઢે બોલે રંગઅડતાલીસી તેમ.
નાસે તેનાં કોટિક પાપ, પજવે નહિ તેને પરિતાપ ;
અડતાલીસ રવિવારે એમ, કરે પાઠ અડતાલીસ તેમ.
થાયે તેને સઘળે સુખ. લાજ બચાવે રંગ અવધૂત ;
વંદે વારંવાર જ બાળ બોલો જય જય રંગ દયાળ .

ગોવિંદ ઉપાધ્યાય (પોર)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરિશિષ્ટ - 3 ભજનો

(રાગ-ભૈરવી, ત્રિતાલ)

પ્રકૃતિ રંગપૂજનકો આઈ - ટેક

તરુનવ પલ્લવકો કટિ અંબર, કુસુમ કંચુક ધરાઈ ;
નભસર સાડી ઉડાઈ.
અલકપર નખત છીટત છીટકાઈ. - પ્રકૃતિ...॥ ૧ ॥
ચન્દ્ર સૂર્ય કુંડલ કાનોંમે, વિદ્યુત મેંદી લગાઈ ;
ઝીલ્લીન ઘુંઘરું બાજત,
ત્રિવિધ બયારી બહાઈ - પ્રકૃતિ... ॥ ૨ ॥
નગ નગમણિ સાગર કરમુક્તા, ભર ભર થાલ સજાઈ ;
કુંકુમ કેસર ચરન કમલ ધાર,
નિપુન નિરાંજન લાઈ - પ્રકૃતિ... ॥ ૩ ॥
ભાવસ્વભાવ સુંદરતા સૌમ્યતા, રંગ અંગ દિખાઈ ;
હસત હસત મુખ, નયન શ્રવત અમી,
નેહકી દેહ બનાઈ - પ્રકૃતિ... ॥ ૪ ॥
મંગલ દિન જયંતી મંગલ, મંગલ સુર બજે સહનાઈ ;
નરનારી હુલસત ધાવત સબ,
મંગલ બજત બધાઈ - પ્રકૃતિ... ॥ ૫ ॥
બરસત આનંદ ઉભરત અંગ અંગ ; મોહમોદ મીઠાઈ ;
તાલ સ્વર યુક્ત પ્રસન્ન ચિત્તસે,
બસંત બધાઈ ગાઈ - પ્રકૃતિ... ॥ ૬ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન દો પ્યારા.....

આવો રે હો અવધૂત મારા (૨)
આવો રંગ ગુરુજી મારા (૨)
દર્શન દો પ્યારા અમોને - ટેક
વાટ જુએ સૌ બાલ તમારી (૨)
સખી નયન અધીરાં અમને (૨) - દર્શન.....॥૧॥
ગીતાજ્ઞાનની બંસી બજાવી (૨)
સૂર સુણાવ્યા મધુરા અમને (૨) - દર્શન.....॥૨॥
ભક્તિમાર્ગની ધૂન શીખાવી (૨)
દીધા બોધ અનેરા અમને (૨) - દર્શન...॥૩॥
મંદમતિ સૌ બાળ તમારાં (૨)
દોષ ન જોશો ગુરુજી મારા (૨) - દર્શન....॥૪॥
સેવક અરજી ઉર ધારીને (૨)
રાખો શરણ તમારા અમને (૨) - દર્શન....॥૫॥

રંગ ક્યાં ?

(કાનને ઘેર્યો વૃંદાવન ગોપીઓએ...)

રંગ જ્યાં જુઓ ત્યાં હાજર હજુર છે,
રંગ વિણ ઠાલું ન એકે ઠામ ! - રંગ .... ॥ ૧ ॥
રંગ તો આજે દૃષ્ટિથી દૂર છે,
ભક્તોના હૈયે અનોખું સ્થાન ! - રંગ .... ॥ ૨ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભક્તોનાં અંતરમાં શ્રદ્ધાનો દીપ જે,
રંગનું બીજું સ્વરૂપ એ માન ! – રંગ... ॥ ૩ ॥

રંગ તો નામરૂપની પેલે પાર છે,
નામરૂપ સૌ એનાં તોએ અનામ ! – રંગ... ॥ ૪ ॥

રંગે ભેદી દુર્જય માયાજાળને;
આચરણ કીધાં ન દીધાં જ્ઞાન ! – રંગ... ॥ ૫ ॥

રંગની દિવ્ય અમી દૃષ્ટિ જ્યાં પડે,
ભાગે તનમનનાં ભૂતો તમામ ! – રંગ... ॥ ૬ ॥

રંગે કંઈ નાસ્તિકો પર જાદુ કીધા,
આનંદે નાંચતા મૂકી ગુમાન ! – રંગ... ॥ ૭ ॥

રંગ તો રસનો સિન્ધુ અપરંપાર છે,
માંગુ હું તો બિંદુ નું દાન ! – રંગ... ॥ ૮ ॥

રંગના ચરણોમાં જે ચાહે તે મળે,
અહીંયાં વણ માગ્યાં થાતાં કામ ! – રંગ... ॥ ૯ ॥

રંગના આલંબન પર હું મુસ્તાક છું,
રંગના ચરણોમાં મારું સ્થાન ! – રંગ... ॥ ૧૦ ॥

મારા અંતરમાં એક જ ખેવના,
કેવળ ગાઉં હું રંગગુણગાન ! – રંગ... ॥ ૧૧ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારેશ્વર ધામ....

રેવા મૈયાને તીરે પેલું નારેશ્વર ધામ,
લાગે પ્યારું પ્યારું મને પાંડુરંગ નામ ! ટેક
એના દર્શનથી દુઃખીઓનાં દુઃખો ટળે.
એની દૃષ્ટિથી જન્મોનાં પાપો બળે;
એનાં ચરણો વિના બીજે ક્યાંયે ના વિરામ,
લાગે પ્યારું મને પાંડુરંગ નામ ! ॥ ૧ ॥
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરનો અવતાર એ,
નિરાધારોનો સાચો આધાર એ,
નામ રંગ તોએ અરંગ અરૂપ અનામ,
લાગે પ્યારું પ્યારું મને પાંડુરંગ નામ ! ॥ ૨ ॥
એનું વર્ણન કરતાં વેદો મુગાં રહ્યા,
નેતિ નેતિ શબ્દ એ ઉચ્ચારી રહ્યા,
એવા અવધૂતના ચરણોમાં લાખો પ્રણામ,
લાગે પ્યારું પ્યારું મને પાંડુરંગ નામ ! ॥ ૩ ॥

★★★★★★★★★

(રાગ–તમે જૂઠી દુનિયામાં શું મોહ્યા...)
કહું છું રંગ અવધૂતની વારતા.
એ તો શરણે આવેલાને તારતા.
રૂડું નારેશ્વર ધામ, ત્યાં છે રંગનો મુકામ,
શ્વાસે શ્વાસે એ દત્ત નામ જપતા – એ તો. ॥ ૧ ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માતા રુકમાના બાળ, લે છે સૌની સંભાળ,
ઝૂંઝૂંમુખેથી ઉચ્ચારતા – એ તો. ૨
મીઠી લીમડાની છાંય રંગ બેઠા છે ત્યાંય,
રોજ મુક્તાસને ત્યાં બીરાજતા – એ તો... ૩
બોલો ગુરુદેવદત્ત કૃપા કરશે એ ઝટ;
એ છે સુખિયા ને સુખો આપતા – એતો... ૪
ખભે કાળી કામળ, એની લીલા અકળ;
દંડ કમંડલ સાથે રાખતા – એ તો... ૫
ભક્તો આવે છે ત્યાંય, ધૂન દરરોજ થાય;
દીન દુઃખિયાનાં દુઃખો મટાડતા – એ તો... ૬

★★★★★

રંગીલો મારો ! સૌનો તારણહાર,
હો અવધૂતો મારો સૌનાં દુઃખ હરનાર ! ટેક...
દયાધર્મ ને સત્યનો સાગર, દત્તનો એ અવતાર ૧
પગલાં પવિત્ર પડયાં, જ્યાં જ્યાં એ રંગનાં,
સજ્યાં પવિત્ર સંસાર ૨
એની કૃપાએ પામર પામ્યાં, અણમોલ જીવનસાર ૩
પ્રેમનો સાગર રંગ પારસમણિ છે,
શલ્યાની અહલ્યા કરનાર ૪
પાપીનાં પાપ હરી પતિતને પવિત્ર કરી,
દાનવનાં માનવ ઘડનાર ૫
ભક્તોને કાજ સહ્યાં અનેક એણે સંકટો, જીવન જગાડનાર ૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પતિત શું વર્ણવું ભગવાન રંગને ! ઉગાર્યો છે મુજને,
તારા લાખો ઉપકાર, તારા અબજો ઉપકાર ॥ ૭ ॥
બાપજી હું રંકની એક જ ઈચ્છા, એક જ આશા,
જીવન વીતે મારું રંગ દરબાર ॥ ૮ ॥

(રાગ – ઓ કાલે કાલે બાદલે.....)

ઓ રુકમામ્બા બાળકા, ઓ વિઠોબાના લાડકા
શ્યામલ કોમલ તારું દરસ દિખા – ટેક
હાથ કમંડલ લાકડી ને પગમાં ચંદન ચાખડી.
તાજ જટાનો શિર પર સોહે મોહક મીઠી આંખડી.
એ આંખડીના પલકારે ભીતી ભગા –ઓ.. ॥ ૧ ॥
ગાણગાપુરમાં જાઉં કે નરસોબાની વાડીએ ?
ગરુડેશ્વરમાં ઢૂંઢું કે નારેશ્વરની ઝાડીએ ?
એ ઝાડીને છાંડી મારા હૈયામાં સમા–ઓ.. ઓ.. ॥૨ ॥
બોધી લીમડા નીચે તું ધ્યાન ધરીને બેઠો રે,
ભક્તો પાસે આવે ત્યાં વાત અનેરી કહેતો રે,
એ વાતોથી હૈયાની આગ બૂઝા – એ... ॥ ૩ ॥
ઓ નારેશ્વરના નાથ રંગા ઝાલો મારો હાથ રે,
પ્રસાદ વિષ્ણુ તારો પાપી પડકારે યમ સાથરે,
જમડાં ઝખ મારે મારા રંગની દયા – ઓ... ॥ ૪ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઓ દાઢીવાલા.....

દાઢીવાલા ! ઓ રંગ અવધૂતા, ઓ દત્ત અવધૂતા !
તારો મહિમા અપાર છે, મને એક જ તિહારો આધાર છે. ટેક.
હોડી મારી જૂની પુરાણી, સાગરમાં છે ઊંડા પાણી,
તમે દયાળુ છો ભગવંતા, જાણો છો મારા મનની કહાણી,
ઓ... નારેશ્વરના નાથ ! તમે છો નારેશ્વરનાવાસી,
વ્હાલા મારા ! બધાં છે તમારાં, તમારો જયજયકાર છે.
મને એકજ તિહારો આધાર છે. – દાઢીવાલા.. ॥ ૧ ॥
તારા વિના નથી કોઈ સહારો, રંગ અવધૂતા ! આવી ઉગારો,
પાપી છું હું, છું અપરાધી, સાચો છે એક ભરૂંસો તારો,
આ દુનિયાથી કંટાળીને પકડયો દ્વાર તમારો,
વ્હાલા મારા ! બધાં છે તમારાં તમારો જય જયકાર છે
મને એક જ તિહારો આધાર છે – દાઢીવાલા... ॥ ૨ ॥
દર્દી દયાળ રંગ ! તમારો ગુલામ છે.
સો સો વાર તમને મારી સલામ છે,
દત્ત દિગંબરની તમે મૂરત, રાત દિવસ તમને મારા પ્રમાણ છે;
ઓ... રંગ રંગીલા છેલ છબિલા, અલબેલા મસ્તાના.
વ્હાલા મારા ! બધાં છે તમારાં, તમારો જય જયકાર છે.
મને એક જ તિહારો આધાર છે, – દાઢીવાલા... ॥ ૩ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હાલો હાલો રે....

(કહાની હૈ દીયેકી ઓર તુફાનકી – એ રાગ)

અવધૂત રંગ છે દયાળ એની લીલાનો નહિ પાર,
કરવા ભક્તોનો ઉદ્ધાર, લીધો અવની પર અવતાર.
એણે વાસો કીધો નારેશ્વર ધામમાં,
હાલો હાલો રે અવધૂતના દરબારમાં (૨) ટેક.

ભક્તો નારેશ્વરમાં જાય, રંગનાં દર્શન ત્યાં તો થાય.
આનંદ આનંદ વરતાય, ગાંડા ઘેલા સર્વે થાય,
સૌ લોકો દોડી રે જાય એના ધામમાં, હાલો. ॥ ૧ ॥

ત્યાં તો ભજન કીર્તન થાય, સૂર બાવનીનાં સંભળાય,
નીર રેવાનાં વહી જાય, ટહુકા મોરલાના સુણાય,
ધૂપ સુગંધી મ્હેંકે રે એના ધામમાં, હાલો... ॥ ૨ ॥

દત્ત જયંતી ઉજવાય, પૂજન પાદુકાનાં થાય,
ગુણલા અવધૂતના ગવાય, દેવો સ્વર્ગના ત્યાં ધાય,
ધૂન દત્તની ગાજે રે નારેશ્વરમાં, હાલો.... ॥ ૩ ॥

માનવ મહેરામણ ઉભરાય, દીનદુઃખિયાંઓ ત્યાં જાય,
માતા રુકમામ્બાની છે સ્હાય, સૌની ઈચ્છા પૂરણ થાય,
એનો ડંકો વાગે રે ત્રણે લોકમાં, હાલો... ॥ ૪ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આજ આનંદની હેલી...

વાહ વાહ રે આજ આનંદની હેલી,
એ ... એ ... નાથને નિરખવા આંખલડી ઘેલી ! વાહ....ટેક
પૂર્વજન્મની કોઈ પ્રીત જાગી,
ભવો રે ભવની મારી ભ્રમણાઓ ભાંગી,
એ ... એ ... મનડાએ મમતાને મેલી હડસેલી ! વાહ... ॥૧॥
મનડું મસ્તાન બની ગુણ એના ગાતું,
શ્વાસે શ્વાસે નામ જપી હૈયું હરખાતું,
એ ... એ ... અંતરના ઉદ્‌ગારો કોણ શકે ઠેલી ? વાહ... ॥૨॥
પ્રીતના પાલવડે પ્રીતમ બંધાણો ?
જન્મોજનમના સાથી એ જાણો;
એ ... એ ... સાચા રે પ્રેમની વરસે જ્યાં રેલી ! વાહ... ॥૩॥
તનનો તંબુર તાર તું હી તું હી બોલે,
રોમ રોમ રામ રટી મસ્ત થઈ ડોલે,
એ ... એ ... અંત સમયનો સાચો એ બેલી ! વાહ... ॥૪॥
ઉર્મિનાં પૂર ઉર ઉછળે અપાર જ્યાં,
દૃષ્ટિ દૃષ્ટિમાં મળે નિરખો કિરતાર ત્યાં,
એ ... એ ... લાગે ઘનશ્યામ રંગ સંગ તાલાવેલી ! વાહ... ॥૫॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારેશ્વરના નાથ....

એ... રુડા નારેશ્વરના નાથ ! પેલા રુકમામ્બાના લાલ !
કે જોઈ મારી આંખ ઠરી રે.. જોઈ મારી આંખ ઠરી રે. ટેક.

વેદો જેના ગુણલા ગાએ નેતિ નેતિ પુકારી
સૂરજ ચાંદ જેની આરતી ઉતારે
એવા આનંદકારી કે જોઈ મારી આંખ ઠરી રે ॥ ૧ ॥

નારેશ્વરમાં પાપો ધોવા દૂર દૂરથી આવે,
જેથી કરી સૌ રંગ પુકારે,
એવાં ચરણો પાવનકારી કે જોઈ મારી આંખ ઠરી રે. ॥ ૨ ॥

યક્ષો સુરનર સ્તુતિ ગાએ, આભા થઈને નિહાળી,
દુઃખો કાપી આનંદ આપે, એવા ભવભયહારી કે જોઈ મારી॥ ૩ ॥

બાળક તારે ચરણે આવી માંગે એક સહારો,
તારા વિના એ જાય ક્યાં બીજે ?
ઓ રેવાતટના વિહારી કે જોઈ મારી આંખ ઠરી રે. ॥ ૪ ॥

★★★★★

જગ જાગૃત કરવા અવધૂત યોગી આવિયો (૨)
રેવાતીરે નારેશ્વરમાં (૨) ભક્તિદીપ પ્રગટાવિયો..... ટેક.
દત્ત નામની ધૂન મચાવી, ભક્તમંડળીઓ ખૂબ રચાવી,
ભક્તોને મનડે મસ્તાનો, મસ્ત બનીને ભાવિયો, અવ...૧
જ્યાં જાવે ત્યાં જ્યોત જગાંવે, તનના તાપો દૂર ભગાવે;
શરણાગત થઈ જે આવે તે (૨) આ જગમાં એ ફાવિયો.અવ.૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સૂના હૈયે નાદ જગાવે, સેવા સ્મરણના સાજ સજાવે,
દેશવિદેશે ભ્રમણ કરીને, (૨) ભક્તિધ્વજ ફરકાવિયો. અવ. ૩

પુનિત પ્રભુથી જોડયો નાતો, પ્રભુની જ્યાં ત્યાં કીધી વાતો,
રામભક્તના હૃદયકમળ ઉપર જબરો રંગ ચઢાવિયો. અવ. ૪

★ ★ ★ ★ ★

(રાગ–અમે મહિયારા રે ગોકુળ ગામના)

અમે બંધાણી રે રંગ અવધૂતના
હાં રે એ તો નારેશ્વર ધામના નિવાસી
બંધાણી રે રંગ અવધૂતના – ટેક

નર્મદાના કાંઠડે નારેશ્વર ધામ છે
નારેશ્વર ધામમાં રંગ અવધૂત છે.
હાં રે એ તો દુઃખિઓનાં દુઃખ ટાળનારા – બંધાણી – ૧

માથે છે ટોપી પ્રભુ હાથમાં છે ફુલડાં
ફૂલડાં સ્વીકારીને આપે છે સુખડાં
હાં રે એ તો સુખિયા અને સુખ આપનારા – બંધાણી – ૨

હાથમાં છે લાકડી ને ખભે છે કામળો,
આવે છે અવધૂતી વેષમાં એ ફાંકડો,
હાં રે એ તો ભક્તોની ભીડ ભાંગનારા – બંધાણી – ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એવા સંતને કોટિ પ્રમાણ હજો.....

(કવિત્)

જેને માન નથી, અપમાન નથી, જેના અંતરમાં અભિમાન નથી;
તનથી, મનથી પરેશાન નથી, એવા સંતને કોટિ પ્રણામ હજો.

જેને રાગ નથી, જેને દ્વેષ નથી, જેના જીવનમાં કદિ ક્લેશ નથી;
જેનો આડંબરીય વેશ નથી, એવા સંતને કોટિ પ્રણામ હજો.

જેને દિલમાં જરીકે રોષ નથી, વળી જીવનમાં ત્રિદોષ નથી;
જેને માયાનું કંઈ જોશ નથી, એવા સંતને કોટિ પ્રણામ હજો.

જેની વૃત્તિ સદા બ્રહ્માકાર રહે, નિજરૂપ મહીં તદાકાર રહે;
સાકાર છતાં નિરાકાર રહે, એવા સંતને કોટિ પ્રણામ હજો.

જેનો મંત્ર પરસ્પરદેવો ભવ, ગુરુ મંત્રરૂપી નિજનો અનુભવ;
સૌને ખપ આવે ભવોભવ, એવા સંતને કોટિ પ્રણામ હજો

દીન-દુખીતણું એ અમીઝરણું, જાણે હોય પૂનમનું ચાંદરણું;
ભવસાગર તરવાનું તરણું, એવા સંતને કોટિ પ્રણામ હજો.

દીનદુખી દેખીને જે થાય દુઃખી, પરિવાર સુખી જોઈ થાય સુખી;
પરિવારતણો જાણે હોય મુખી, એવા સંતને કોટિ પ્રણામ હજો.

સંતરંગની વાંત સરળ સીધી પાપીગણું એ વાત વિચારી લીધી;
વાત છાની છતાં ઉઘાડી કીધી, એવા સંતને કોટિ પ્રણામ હજો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અવધૂત બેઠો છે.....

બેઠો બેઠો નારેશ્વરની માંહ્ય, અવધૂત બેઠો છે,
એની ચોપાસે લીમડાની છાંય અવધૂત બેઠો છે. – ટેક
એની ખાંધે શોભે છે કાળી કામળ,
દંડ દક્ષ હસ્તે વામે જલકમંડલ,
પાંવપાવડીનો રણકો સંભળાય ... અવધૂત બેઠો છે. ૧
એની વાણીમાં અમૃતની ધારા વહે,
વાતવાતોમાં શીખોના શબ્દો કહે,
જાણે વહે છે કોઈ દિવ્ય પ્રવાહ ... અવધૂત બેઠો છે. ૨
એના નયનોમાંએવા શા જાદુ ભર્યા ?
દૃષ્ટિ થાંતાં ત્યાં દીનોનાં દુખડાં હર્યાં ?
કંઈક જન્મોના પાપો ત્યાં જાય ... અવધૂત બેઠો છે. ૩
એ તો બેઠો છે ગુફામાં છાનોમાનો,
તો યે દૂર દૂરથી આવે છે લાખો જનો,
એના તેજે સૌ આકર્ષાય ... અવધૂત બેઠો છે. ૪
જેમ ચુંબક ખેંચે છે આ લોહને અરે !
તેમ અવધૂત ખેંચે છે ભક્તોને અરે !
બાળ એના તેજે ત્યાં ખેંચાય ... અવધૂત બેઠો છે. ૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રુકમાઈ તારા કેટલા જનમની કમાણી ? .....
તારે ઘેર અવતર્યો રંગ બ્રહ્મજ્ઞાની...રુકમાઈ.....
જન્મધરી તારી કુખ ઉજાળી, માતૃસેવા કરી જાણી,
કાવડ ભરીને રેવાજળ લાવી નવરાવે ઉલટ આણી.....રુકમાઈ
અવધૂતવેષે બેઠો અડગ થઈ, પીધાં રેવાના પાણી,
અર્થ સરે યા તો દેહ પડે પણ, કીધી ન પાછી પાની.... રુકમાઈ
કાળજાં બાળે એવું તપ કીધું, નર્મદાજી ઝંખવાણી,
જોયું ને જાણ્યું આ કળિયુગમાં દત્ત પ્રભુને લાવ્યો
તાણી.રુકમાઈ
માતૃસેવમાં તનમન અર્પી લીધી જીવન લ્હાણી,
ચૌદ ભુવનમાં ડંકો વગાડ્યો, ભક્તોએ ગાથા વખાણી..રુકમાઈ
રુકમાઈ ! મા રેવાએ દીધી આશિષ મન – માની,
પાપી ગણુ રંગ ગાથા ગાતાં નયને ભરાયાં પાણી...રુકમાઈ

(રાગ – મિશ્રં ખમાજ ગઝલ)

અમૃતતણાં ઝરણાં વહે છે, નાથ ! તારે બારણે,
દો અંજલિ, આવી ઊભો બાળક તમારે બારણે. ૧
તું છે અજન્મા તો પછી કોની જયંતી ઉજવું ?
પણ ભાવનાની દોર મેં બાંધી પ્રીતિને પારણે !
જ્ઞાનાગ્નિ શો ચમકયો અહા ! વિઠ્ઠલ મુનિના તેજનો !!
માત રુકમાઈ, ઝૂલાવે શ્રીરંગગુરુને પારણે !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જય બોલો....

(ગુણગાથા ગુજરાતની – એ રાહ)

જય નારેશ્વર, જય રુકમાઈ, જય બોલો નર્મદામાત ની,
સ્વર્ણ અક્ષરે લખશે ભક્તો, ગુણગાથા અવધૂતની. ટેક
અનસૂયાની પતિવ્રતાનું ખંડન કરવા આવ્યા દેવો,
ધન્ય ધન્ય અનસૂયા માએ, પ્રગટ કર્યા ત્રણે દેવો,
જય ગાંડા, જય રંગ અવધૂત, જય બોલો વાસુદેવની. સ્વર્ણ ૧
વાસુદેવની અમર ભક્તિથી અમર કર્યું ગરુડેશ્વરને,
ધન્ય ધન્ય એ રંગ અવધૂતને, પ્રગટ કરી દત્તભક્તિને,
જય રુકમાઈ, જય અનસૂયા, જય બોલો નારેશ્વરની... સ્વર્ણ ૨
નૃસિંહસરસ્વતી, શ્રીપાદવલ્લભ, દક્ષિણમાં લીલાઓ કરી,
ગુરુલીલામૃત ગ્રંથ રચાવી, ભક્તોનો ઉદ્ધાર કરી,
જય શાંડિલી જય મદાલસા, જય બોલો રેણુકામાતની... સ્વર્ણ ૩
નારેશ્વરમાં દત્ત જયંતીની દાસે સેવા કીધી,
ધન્ય ધન્ય એ મોદીજીએ તરત સંભાળી લીધી;
જયદત્તદિગંબરગિરનારી, જય બોલો અનસૂયામાતની.સ્વર્ણ ૪

(જાવું છે યમુનાછને તીર – એ રાહ...)

જાવું છે રેવાજીને તીર, જ્યાં શ્રીરંગ બિરાજે,
ભાગે ત્યાં જનમ મરણની ભીડ, જ્યાં અવધૂત બિરાજે. ટેક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારેશ્વર ધામ એવું જાણે વૈકુંઠ જેવું;
થાએ ત્યાં દર્શનથી મન સ્થિર .... જ્યાં ૧

દેશ વિદેશના ભક્તો ત્યાં આવે, કરતા ભજન દત્તનું ભાવે;
ઓઢે જ્ઞાનતણાં એ ચીર .... જ્યાં ૨

વૃક્ષોનાં ઝૂંડ ભારે ફૂલમાળા ડાળે ડાળે;
જાણે વૃક્ષોએ પહેર્યા ચીર ! ..... જ્યાં ૩

નારેશ્વરની બલિહારી, શોભા અવધૂતની ભારી;
રહેજો શ્રી રંગચરણ મન સ્થિર ! જ્યાં ૪

★★★★★★★★★

ઘડી ઘડી રંગા રાત તેરી યાદ સતાવે

યાદ સતાવે મને ચેન ન આવે રે (૨) ટેક
બન્યો હું પૂજારી પૂજા કરવા આવ્યો,
ભાવભીના હૈયે હું તો ભાવ ભરી લાવ્યો,
પ્રેમપૂજારી હું તો તારે દ્વારે આવ્યો રે (૨) ઘડી. ૧

દર્શનની ભીખ માંગું બન્યો હું ભિખારી,
ભરી દો ભરી દો, ઝોળી આ મારી,
દીન દયાળું રંગ ! શીદને સતાવો રે (૨) ઘડી. ૨

તારા બાળકની એક જ અરજી,
તારો કે મારો રંગા ! તમારી છે મરજી,
મરજી તમારી રંગા ! ઝાઝું ન કહાવો રે (૨) ઘડી. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મારી આંખલડીના તારા રે, અવધૂત આવોને મારે આંગણિયે..

તમે ક્યારે થશો ને પ્રભુ ! મારા રે,
અવધૂત આવો ને મારે આંગણિયે. ટેક

વ્હાલા ! તન મન ધન સોપ્યું તુજને રે,
તમે દર્શન દોને પ્યારા રે..... અ. ૧

વ્હાલા ! સૂનું લાગે ઘર ગામમાં રે,
સૂના દેખું નદીના કિનારા રે ..... અ. ૨

વ્હાલા, સુના મંદિરના ચોક રે,
સૂના લાગે બગીચાના ક્યારા રે.... અ. ૩

વ્હાલા, વસમો વિયોગ તારો લાગશે રે,
મને મળવાના થાએ ઉછાળા રે..... અ. ૪

વ્હાલા, આંખે આંસુડાની ધાર છે રે,
ક્યારે દેખીશ મુખડાં તમારાં રે ! ..... અ. ૫

વ્હાલા, ચેન પડે નહિ, મુજને રે,
લાગે સંસાર-સુખડાં ખારાં રે, ... અ. ૬

વ્હાલા, ક્યારે સુધી જોંઉ ઘાટલડી ?
ક્યારે ભાગ્ય ઊઘડશે મારા રે ? .....અ. ૭

વ્હાલા, જ્યાં રે જોઉં ત્યાં તું ભાસતો રે,
શ્વાસે શ્વાસે જપું તારી માળા રે.....અ. ૮

વ્હાલા, દાસ મોતીરામ વિનવે રે,
મારા કેમ જાશે રાત દા'ડા રે ? ..... અ. ૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચંદન નારેશ્વરની માટી, રેવા જળ અમૃત છે,
હર બાળા જ્યાં રુકમા અમ્બા હર બાળક અવધૂત છે... ટેક.
મેકલજાતા મનસિ વિભાતા મા મનહર મંગલકારી,
દર્શન માત્રે સકલ જન્મનાં પાપો રેવા હરનારી,
જેનો હર એક કંકર શંકર, મહિમા પણ અદ્‌ભુત છે ..... હર
મેના, પોપટ, ચાતક, કોયલ દિગંબરાની ધૂન ગાએ,
કરી કલાપો કેકરાવ સૌ, દત્તબાવની સંભળાવે,
ભમરાના ગુન ગુન ગુંજનમાં, શ્રીગુરુલીલામૃત છે ... હર
ઝૂકી પડેલા લીમડાના હર પાને પાને રંગ છે,
ધૂણી ધખાવી, દત્તને લાવી રંગે રાખ્યો રંગ છે,
ધન્ય ધરા નારેશ્વરના કણકણમાં રુક્માસપૂત છે ... હર
સવારમાં જ્યાં સૂર્યદેવ આવીને શંખ બજાવે છે,
ચાંદ-તારા શયન આરતી ગાવા દોડી આવે છે,
વાયુદેવ જ્યાં ઘંટ વગાડે,વેણુ શ્રી અચ્યુત રે ... હર
ચાર ધામ ને સાત પુરી વળી જ્યોતિર્લિંગો બાર જે,
સહુ યાત્રાનું પુણ્ય જ સઘળું નારેશ્વરને દ્વાર છે,
પાપીગણુ આ અમૃત ઉત્સવ રંગ-કૃપાનો સબૂત છે....હર

કુલીન ઉપાધ્યાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારેશ્વરમાં

એક સમે સંધ્યાએ રેવાતીર નારેશ્વરમાં !
આવી ઊભો એક વિરાગી વીર નારેશ્વરમાં !
દત્તદરશની તીવ્ર તમન્ના લઈને નારેશ્વરમાં !
ધૂણી ધીકાવી લીમડા નીચે જઈને નારેશ્વરમાં ! ૪
જવા નીકળ્યો હિમાલય ને આવ્યો નારેશ્વરમાં !
'વાપિસ જા' કહી સંતે પાછો વાળ્યો નારેશ્વરમાં !
ઈચ્છા તારી ફળશે 'જા દક્ષિણમાં' નારેશ્વરમાં !
ભાગ્ય જુઓ ભક્તોનું ખેંચી લાવ્યું નારેશ્વરમાં ! ૮
હતું એક દિ' કેવું જંગલ ઘોર નારેશ્વરમાં !
આજુબાજુ ગીચ ફાફડા થોર નારેશ્વરમાં !
હિંસક પશુઓ સર્પો ચારે કોર નારેશ્વરમાં !
મલિન સત્વો ખૂબજ હરામખોર નારેશ્વરમાં ! ૧૨
એક મઝાનું કૌતુક દેખે રંગ નારેશ્વરમાં !
ગેલ કરે જ્યાં સાપ મોરની સંગ નારેશ્વરમાં !
જન્મજાત પોતાનું ભૂલી વેર નારેશ્વરમાં !
સિદ્ધભૂમિ પોકારે : અવધૂત ઠેર નારેશ્વરમાં ! ૧૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાતે સૂણ્યાં ગંધર્વોનાં ગાન નારેશ્વરમાં !
થૈઈ થૈઈ નાચે અપ્સરાઓ ગુલતાન નારેશ્વરમાં !
વેદઘોષની સંભાળાયે જ્યાં તાન નારેશ્વરમાં !
દિવ્ય સુર સાંભળવા જોઈએ કાન નારેશ્વરમાં ! ૨૦
રેવા પાણ વહેતી કેવી ગંભીર નારેશ્વરમાં !
હર હર ૐ ૐ ગાયે એનાં નીર નારેશ્વરમાં !
સૂણે દેવો ચકિત થઈને સ્થિર નારેશ્વરમાં !
શંકા કોઈ કરશો નહિ લગીર નારેશ્વરમાં ! ૨૪
રંગ સંગથી લીમડો ધરતી ચૂમે નારેશ્વરમાં !
તજી કટુતા મીઠો થઈને ઝૂમે નારેશ્વરમાં !
વૃક્ષો પણ બદલે પોતાનો સ્વભાવ નારેશ્વરમાં !
દૃઢ શ્રદ્ધા જો હોય તો શું અસાધ્ય નારેશ્વરમાં ! ૨૮
ગુર્વાજ્ઞાને અનુસર્યો આવીને નારેશ્વરમાં !
દત્તપુરાણ તણાં કીધાં પારાયણ નારેશ્વરમાં !
પરિક્રમાની મળી પ્રેરણા તે પણ નારેશ્વરમાં !
પૂર્ણ કરીને પાછો આવી બેઠો નારેશ્વરમાં ! ૩૨
પુત્રસ્નેહે રુકમામ્બા પણ આવે નારેશ્વરમાં !
રંગ માતૃસેવાના ભાવ જગાવે નારેશ્વરમાં !
માતૃતીર્થનું કીધું છે નિર્માણ નારેશ્વરમાં !
જાણે ઉગ્યો માતૃભક્તિભાણ નારેશ્વરમાં ! ૩૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કનક-કામિની-કીર્તિને પણ ત્યાગે નારેશ્વરમાં !
જે લક્ષ્મીને ત્યાગે તેની આગે નારેશ્વરમાં !
શિષ્ય - ગુરુ સંબંધે ક્રાન્તિ લાગે નારેશ્વરમાં !
દીક્ષા ને કંઠીની ભ્રાન્તિ ભાગે નારેશ્વરમાં ! ૪૦
આવે તન-મનના કંઈ રોગી રોતા નારેશ્વરમાં !
થઈ નિરામય દુઃખ દર્દ સૌ ખોતા નારેશ્વરમાં !
ભક્તો જુઓ પરાભક્તિને સાધે નારેશ્વરમાં !
હોય મુમુક્ષુ તેને મુક્તિ લાધે નારેશ્વરમાં ! ૪૪
હોત નહીં જો રુકમા એની સંગ નારેશ્વરમાં !
મળ્યા હોત આપાગને ક્યાંથી રંગ નારેશ્વરમાં !
કોણ કરત દુઃખીયાંના દુઃખો દૂર નારેશ્વરમાં !
કોણ વહાવત ભક્તિ કેરાં પૂર નારેશ્વરમાં ! ૪૮
ગુમ છતાં અવધૂત નથી કંઈ દૂર નારેશ્વરમાં !
ભક્તો કાજે આજે હાજર હજુર નારેશ્વરમાં !
તેથી ભક્તો નાચે ગાંડાતૂર નારેશ્વરમાં !
નાસ્તિક પણ થાયે શ્રદ્ધા ચકચૂર નારેશ્વરમાં ! ૫૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઔદુંબર - બાવની

જય જય ઔદુંબર ભગવાન ! કલિમાં કલ્પતરુ તું માન !
કલ્પવૃક્ષ તો સ્વર્ગ મહીં, ઔદુંબર અવનિ પર અહીં.
પ્રજાપતિના જે સંતાન, દેવ અને દાનવ એ માન,
સુર-અસુરની સ્પર્ધા થાય, વૃક્ષો પણ ત્યાં વહારે ધાય.
અસુર પક્ષમાં છે સૌ વૃક્ષ, ઔદુંબર દેવોને પક્ષ,
હાર્યા અસુરો રણની માંહ્ય, ને દેવો વિજયી ત્યાં થાય, ૬
પ્રસન્ન થઈ દેવો ત્યાં માન, ઔદુંબરને દે વરદાન !
દેવે નિષ્ફળ કીધાં વૃક્ષ, ગયાં હતાં, જે દાનવ પક્ષ
રસકસ તેનાં ખેચી સર્વ, અર્પે ઔદુંબરને શર્વ.
ઔદુંબરના મૂળની માંહ્ય, હોયે જળનો પ્રવાહ ત્યાંય,
એ જળનું જે સેવન કરે, મહારોગ પણ તેના ટળે !
ફલાઢ્ય ને વળી દૂધ સભર, સદૈવ જૂઓ ઔદુંબર.
છાલ દૂધ ફળ મૂળ અને પાન જેનાં અતિ ઉપયોગી માન,
એવા કંઈ ઔષધિગુણ જાણ, વૈદ્યો કરતા ખુબ વખાણ ! ૧૪
પુષ્પ વિના ફળ જેનાં થાય, અપુષ્પ તેથી એ કહેવાય,
ઉલ્લંઘે અંબરને જેહ, કહેવાયે ઔદુંબર તેહ.
ઊર્જા આપે ઔદુંબર, એમ વખાણે વેદ સકળ !
વર્ણ્યો કંઈ અગણિત મહિમાય, શતપથ બ્રાહ્મણગ્રંથે ત્યાંય ૧૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નૃસિંહરૂપે નખથી જ્યાંય, હિરણ્યકશિપુ માર્યો ત્યાંય.
વિષ જે અસુર નાભિ માંહ્ય, વ્યાપ્યું પ્રભુના નખની માંહ્ય,
ઔદુંબર ફળ લક્ષ્મી માત, અર્પે ત્યાં પ્રભુ થાએ શાંત !
ઔદુંબરને ત્યાં ભગવાન, આપે છે વિધવિધ વરદાન !
તવ દર્શનથી સર્વે પાપ બળતાં જન થાશે નિષ્પાપ !
નિર્ધનને મળશે બહુ ધન, જો કરશે એ તુજ સેવન !
પામે વંધ્યા સુતને માન, ને મૂરખ થશે વિદ્વાન !
કરે સ્નાન ઔદુંબર તળે, ગંગાસ્નાન તણું ફળ મળે !
જપ તપ અહીંયા કરશે જેહ, અનંતફળ મેળવશે તેહ.
ભજન કરે ઔદુંબર તળે, બાધા તેની સત્વર ફળે.
ચિત્તશુદ્ધિકર એની છાંય, મુક્તિને પથ શીઘ્ર પળાય.
દેને એવાં કંઈ વરદાન, વસીયા તેમાં શ્રી ભગવાન !! ૩૦
ઔદુંબર એ ભગવન્નામ, ગ્રથિયું વિષ્ણુસહસ્ર આમ
ઔદુંબર શ્રી દત્તસ્વરૂપ, શોષે ભક્તોના ભવકૂપ !
શ્રીપાદવલ્લભ યતિરાય, નૃસિંહ સરસ્વતી સ્વામીરાય,
દત્તપ્રભુના જે અવતાર ! વાસુદેવ ભવસાગર તાર !
પરંપરામાં પ્રગટયાં અહીં, રંગગુરુ ગુજરાત મહીં ;
તે ઔદુંબર મહિમા ગાય, પ્રેમે ગુરુલીલામૃત માંહ્ય. ૩૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વૃક્ષારોપણ જાતે કરી, ગુર્જર જનતાને ઉદ્ધરી !
મહારાષ્ટ્ર અને ગુજરાત, મહિમા વિસ્તાર્યો ભલીભાત !
ગયા લોકસંગ્રહને કાજ ; વિદેશ પણ અવધૂત મહારાજ !
ઔદુંબર વૃક્ષારોપણ કીધાં ત્યાં પરદેશે પણ, ૪૦
ખુલ્લાં આકાશી મંદિર, ! ભાંગે જે ભક્તોની પીર !
તેથી ભક્તો ધારી પ્રીત ! ઔદુંબરને દે ઉપવીત !
ઔદુંબર તો ક્ષત્રિય જાણ વિપ્રદત્તનું આશ્રય સ્થાન !
વિપ્રવૃક્ષ પીપળો છે ખાસ, વિષ્ણુ ક્ષત્રિયનો જ્યાં વાસ !
આર્ય સંસ્કૃતિની ઉત્તમ દૃષ્ટિ સમન્વયની હરદમ !
કરે પ્રકાશિત રંગ અવધૂત ! વિનમ્ર કેવા ગુરુના દૂત ! ૪૬
સહસ્રરશ્મિ ભાસ્કર જેમ રહે ગુમ ના કદીએ તેમ,
અજાણ પણ ઔદુંબર થકી, ફળશે તેની ઈચ્છા નકી !
ઔદુંબર બાવની આ નિત્ય, ગાશે શ્રદ્ધાથી ધરી પ્રીત્ય.
વિઠ્ઠલ સ્વરૂપમાં સ્થિર થાય, જે ઔદુંબર - બાવની ગાય.
ઔદુંબરનો મહિમા ખૂબ, વર્ણે કો જે છે જ અનુપ !
બોલો મૂકી સર્વ ગુમાન, જય જય ઔદુંબર ભગવાન ! ૫૨

માર્ગશીર્ષ કૃષ્ણ ચતુર્થી ૨૦૪૮ વિઠ્ઠલભાઈ જ. પાઠક
(પૂ.શ્રીનો પ્રથમ નારેશ્વર આગમનસ્મૃતિ દિન) નારેશ્વર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રુકમામ્બાબાવની

જય જય જય રુકમામ્બા માત ! જય જય જગદંબા સાક્ષાત્ !
ભગવદ્ ઈચ્છાથી મહારાષ્ટ્ર, તજી વસ્યાં આવી ગુજરાત.
વિઠ્ઠલપંતને માને દેવ કરતાં પ્રેમે પતિની સેવ,
તપ કીધાં તેં અપરંપાર ! કૂખે વિઠોબા અવતાર !
સંકટ કંટક આવ્યાં બહુ, જીવનપંથે સહીયાં સહુ.
ખેલ્યાં છો જીવન સંગ્રામ, ધરી તિતિક્ષા હૈયે હામ ! ૬
તુલસી પૂજા નિત્ય કરી, લાખો પરિક્રમાઓ કરી ;
વ્રત-જપ-દાન અને ઉપવાસ, રુકમા પ્રેમે કરતાં ખાસ.
ગોપૂજા અતિથિ સત્કાર, પાળ્યો કડકડતો આચાર !
હડહડતા આ કલિયુગમાંહ્ય સ્વધર્મ પાલન કીધું આંહ્ય,
પંથ ભૂલ્યા નારી જગ પાસ, મા રુકમાનું પ્રદાન ખાસ.
નારાયણને કારણ અહીં, આવી વસ્યાં નારેશ્વર મહીં,
માતાને કારણ શ્રીરંગ, રહ્યા અહીં તોયે નિઃસંગ !
માતા 'સુપ્રીમ કોર્ટ' ગણી, આજ્ઞા કદીયે ના અવગણી. ૧૪
દ્રવતાં સૂણી દુઃખનો સાદ, કંઈ ભક્તોના બન્યાં લવાદ !
પ્રાણી માત્રે ભાળે દેવ ! સર્જન માત્રની કરતાં સેવ.
શ્વાન ભક્તનો આવ્યો કાળ, બુચિયાની લીધી સંભાળ !
ચોર્યાસીઓ ફેંક કીધી, સાધુસંત મઠ આશ્રમ સુધી.
પારિતોષિક વિદ્યાદાન, ને દીધાં કંઈ કન્યાદાન !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શંકર કપિલ પરશુરામ, જે કો માતૃભક્ત તમામ,
તેવા આ કલિકાળ મહીં રંગ ગુરુવર પ્રગટ્યા અહીં.
ઉચ્ચ સિદ્ધ કોટીના સંત ! માતૃ સેવ કરે ધરી ખંત !
'માતા જેવું દૈવત નહીં !'' મળશે ના ત્રિભુવનમાં કહી।
પુત્ર કદાપિ કપૂત થાય, ' માતા તો માતા જ સદાય'
એ સૂત્રો પ્રસ્થાપિત કરે, માતૃભક્ત અવધૂત ખરે ! ૨૫
શક્તિપીઠ કીધું નિર્માણ ! જે વિધિ વર્ણ્યો અગ્નિપુરાણ !
શ્રીયંત્રાદિ સ્થાપન કર્યા, શ્રેય પ્રેય દેતાં એ નર્યાં !
માતૃશૈલ તીર્થોનો તાજ ! રંગે નિર્મ્યું ભક્તો કાજ !
બીજું માતૃતીર્થ અહીં, સિદ્ધપુર નારેશ્વર મહીં,
નિજ શક્તિ સામર્થ્ય સહુ,રેડ્યું રંગે અહીં શું કહું !
પરિક્રમા એની જે કરે, તેના પૂર્વજ નિશ્ચય તરે !
અનુષ્ઠાન અહીંમાં જે કરે,તેની મનીષા સત્વર ફળે !
રંગે દીધાં છે વરદાન, સૂણો સર્વે ખોલી કાન !
શ્રેષ્ઠો કરતા જે આચાર, બહુજન કેરો તે આધાર ! ૩૪
મોરટક્કામાં શ્રાદ્ધ કરી પરંપરાની રક્ષા કરી !
દત્તભક્તિનો શિલાન્યાસ, કીધો વાસુદેવે ખાસ,
ભવ્ય ઈમારત રંગે રચી, દત્તધૂન દિગંતે મચી !
એના મૂળમાં છો રુકમા ! ઈંટ બન્યાં પાયાની મા !
પૂર્વેના અવતારો માંહ્ય, દત્તાદિ ગૃહત્યાગે ત્યાંય ;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનસૂયા ને સુમતિ માય, અંબા પણ ત્યાં વ્યાકુળ થાય.
એ ઋણ જે ભગવાન શિરે, તેમાંથી કો મુક્ત કરે ?
તે ઋણ રુકમા ફેડે ખાસ, સ્વયં રહીને રંગની પાસ.
આવ્યાં હોત ન જો રુકમા, પોતે આ નારેશ્વરમાં,
મળત અમોને ક્યાંથી રંગ ? જેની કૃપાથી જીતીએ જંગ !
પાંચ ગામનું જેહ સ્મશાન, આજ દીસે નંદનવન માન !
એના વિકાસનો તું પ્રાણ ! ગુણલા ગાતાં ખૂટે વાણ !
દત્તભક્તિ અમીરસનું પાન કયાંથી મળત એ સુખની ખાણ ?
માતૃતીર્થ અહીંયા શું થાત ? ફાવી ગઈ ગરવી ગુજરાત ! ૪૮
રુકમાબાવની આ જે ગાય, સંકટ સર્વે તેનાં જાય ;
કંઈ જન્મોનાં પાપો બળે, સર્વ સંપદા તેને મળે.
વિઠ્ઠલ ચરણ કમળમાં ઠરું, કોટી કોટી વંદન કરું !
શરણાગતનાં તારણહાર ! ગાવો માનો જયજયકાર. ૫૨

વિઠ્ઠલભાઈ જે. પાઠક

નરસોબા વાડી -
વૈશાખ કૃષ્ણ અષ્ટમી ૨૦૪૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્થાનના નિયમો

★ સહેલગાહ કે પિકનિક સેન્ટર માની અહીં આવવું નહિ.
★ રેડિયો, ધીમેથી કે મોટેથી વગાડવો જ નહિં.
★ બીડી, સીગારેટ આદિ વ્યસન કરવાં નહિ-આદત હોય તેણે દૂર કમ્પાઉન્ડની બહાર જવું. અંદરના કમ્પાઉન્ડમાં તો કદીય ધૂમ્રપાન કરવું નહિ.
★ આશ્રમમાં રમત ન રમવી,
★ નદીમાં સ્નાન કરતી વેળા જમણી બાજુ ભય હોવાથી ડાબી બાજુ પર ના' વું. પાણીમાં રમત કદી પણ ન કરવી.
★ અંદરના કમ્પાઉન્ડમાં સ્નાન કરીને પવિત્રતાપૂર્વક જ જવું.બુટચંપલ, અંદરના કમ્પાઉન્ડમાં ક્યારેય ન પહેરો.
★ નવરાશે સેવા આપો, અથવા ભજન વગેરેમાં જોડાઓ.
★ પોતાની જરૂરિયાતનાં સાધનો સાથે રાખવાં.
★ ઉત્સવ સમયે રૂમનો આગ્રહ રાખવો નહિ.
★ વ્યવસ્થા માટે સહકાર આપો, સ્વચ્છતા , પવિત્રતા જાળવો.
★ આશ્રમનું રસોડું એ વીશી કે લોજ નથી, અન્નપૂર્ણાનું મંદિર છે. ત્યાં શાંતિ રાખો, બગાડ ઓછો કરો, જોઈએ તેટલું લો.
★ વધુ વ્યક્તિઓ સાથે આવનારે આગળથી પત્ર લખી પૂછાવવું.
★ પત્રવ્યવહારનું સરનામું : શ્રી અવધૂત નિવાસ
નારેશ્વર પો. સાયર, વાયા : - અંકલેશ્વર - ૩૯૩૧૦૭
ફોન નં. : ૦૨૬૬૬/૫૩૨૯૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારેશ્વમાં ઉજવાતા ઉત્સવો

બેસતું વર્ષ : અન્નકૂટ
કારતક સુદ : ૯-રંગજયંતી (ઉદ્યાત્ લેવી)
કારતક સુદ : ૧૧- તુલસીવિવાહ
કારતક વદ : ૩૦-રંગપુણ્યતિથિ (દર્શઅમાસ લેવી)
માગશર સુદ : ૧૫ દત્તજયંતિ
પોષ સુદ : ૨-નૃસિંહસરસ્વતી જયંતી
મહા સુદ : ૫-રંગમંદિર પાટોત્સવ
મહા વદ : ૧-ગુરુપ્રતિપદા (નૃ.સ.પુ)
મહા વદ : ૧૦-શ્રી વિઠ્ઠલપંતતિથિ
મહા વદ : ૧૩-શિવરાત્રી
ફાગણ વદ : ૧૨-શ્રી ગાંડા મહારાજ પુણ્યતિથિ
ચૈત્ર સુદ : ૧-૯-ચૈત્રી નવરાત્રી
જેઠ સુદ : ૯-શ્રી નારાયણભાઈ પુણ્યતિથિ
જેઠ સુદ : ૧૧-પૂ. માજી પુણ્યતિથિ
અષાઢ સુદ : ૧-શ્રી વાસુદેવાનંદ પુણ્યતિથિ
અષાઢ સુદ : ૧૫-ગુરુપૂર્ણિમા
શ્રાવણ વદ : ૫-વાસુદેવાનંદજયંતી
શ્રાવણ વદ : ૮-જન્માષ્ટમી
ભાદરવા સુદ : ૪-શ્રીપાદવલ્લભજયંતી (ગણેશોત્સવ)
આસો સુદ : ૧-૯-નવરાત્રી
આસો વદ : ૧૨-શ્રીપાદવલ્લભ પુણ્યતિથિ (ગુરુદ્વાદશી)
આસો વદ : ૧૩-૧૪-૩૦ ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રદક્ષિણા

ધન્ય હો પ્રદક્ષિણા સદ્‌ગુરુરાયાચી ।
ઝાલી ત્વરા સુરવરાં વિમાન ઉતરાયાચી । ધ્રુ.
ગુરુભજનાચા મહિમા ન કળે અગમાનિગમાસી
અનુભવી તે જાણતી જે ગુરુપંથીચે અભિલાષી ॥ ૧ ॥
પદોપદીં ઝાલ્યા અપાર પુણ્યાંચા રાશી ।
સર્વહિ તીર્થે ઘડલી આમ્હાં આધીકરૂનિ કાશી ॥ ૨ ॥
મૃદંગટાળઢોલ ભક્ત ભાવાર્થે ગાતી ।
નામ સંકીર્તને નિત્યાનંદે નાચતી ॥ ૩ ॥
કોટી બ્રહ્મહત્યા હરતી કરિતાં દંડવત ।
લોટાંગણ ઘાલિતાં મોક્ષ લોળે પાયાસી ॥ ૪ ॥
પ્રદક્ષિણા કરુની દેહભાવ હરવિલા ।
શ્રી રંગાત્મજ વિઠ્ઠલ પુઢે ઉભા રાહિલા ॥ ૫ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેવો દિ ?

એવો દિ દેખાડ વ્હાલા ! એવો દિ ઊગાડ !!
દેખું તારું રૂપ બધે, એવો દિ દેખાડ !! ટેક.
ભૂલાવી હું મારું હું ને તારામાં ડૂબાડ !
વ્હાલા ! તારામાં ડૂબાડ !
તું - તારાંમાં ભેદ ન દેખું, એવો દિ દેખાડ !! એવો દિ. ૧
જૂગ જુનાં બંધ નૈના, કાંઈ તો સુઝાડ !
વ્હાલા ! કાંઈ તો સૂઝાડ !
અંદર બહારી તું ને દેખું, એવો દિ દેખાડ !! એવો દિ. ૨
આપ્યું તેં તારાંને આપી, રાચું મન મોઝાર,
વ્હાલા ! રાચું મન મોઝાર !!
શેષે પૂર્ણતા પિછાનું એવો દિ દેખાડ !! એવો દિ. ૩
ધાર્યું તેં થાવાનું મારી, વ્યર્થ કાં પછાડ ?
વ્હાલા ! વ્યર્થ કાં પછાડ ?
તારે શરણે થાઉં નચિંત, એવો દિ દેખાડ !! એવો . ૪
રૂપેરૂપે તું અરૂપી રંગ એ નિર્ધાર,
વ્હાલા ! રંગ એ નિર્ધાર !
ગાત્યું જડે ન હું ક્યોંયે, એવો દિ દેખાડ !! એવો . ૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પહેરી લીધા વીંટલા....

પહેરી લીધા વીંટલા, તારા હો અંબે,
માડી, તારા હો અંબે.
કોણ કાઢે આંખ સામે, કાળ જ્યાં કંપે ? ટેક.
શુંભ નિશુંભો કામાદિક સૌ જોઈને ત્રાસે,
માડી, જોઈને ત્રાસે.
મહિસાસુર અજ્ઞાન બાપડું, મુઠ્ઠી દઈ નાસે.
પહેરી લીધા. (૧)

જોઈ તારું મુખડું હૈયું આનંદે નાચે,
માડી, આનંદે નાચે,
રિદ્ધિ સિદ્ધિ હાથ જોડી, બારણે યાચે.
પહેરી લીધા. (૨)

નિત નૂતન શું રૂપ તારું કોટી રવિ રાજે.
માડી, કોટી શશી રાજે.
દોડે સિંહે વીજળી વેગે, ભક્તોને કાજે.
પહેરી લીધા. (૩)

રાખ રંગ આ કટોકટીમાં, સંકટ નિવારી;
માડી, સંકટ વિદારી ;
શક્તિપાત કરી ભારતમાં, રિપુદલ સંહારી.
પહેરી લીધા. (૪)

૨૦૨૨ ૬૮મી રંગજયંતી — રંગ અવધૂત
અંબાજી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારેશ્વર મહાદેવ-પ્રશસ્તિ

હર હર હર મહાદેવ ! નારેશ્વર મહાદેવ !
ભાવથી કરીએ સેવ, નારેશ્વર મહાદેવ ! ધૂ૦
ત્રિપુર સુરના ત્રાસે જ્યારે, ત્રસ્ત, થયાં 'તાં ત્રિભુવન ત્યારે,
રેવાંતીરે ગણપતિ તપથી, રીઝવે દેવાધિદેવ ! હર હર મહાદેવ !
જેની કૃપાથી શ્રી ગણપતિજી, પૂર્વે પામ્યા સઘની સિદ્ધિ !
નામ કપર્દીશ્વર દઈ સ્થાપે, પુરાણ પ્રસિદ્ધ દેવ ! હર હર હર મહાદેવ.!
રેવામાં કદી મહાપુર આવ્યું, તેમાં શિવલિંગ દટાયુ;
સ્વપ્ને નારોપંતને વદતા, બહાર કાઢ તત-ખેવ ! હર હર હર મહાદેવ
પુનઃ પ્રતિષ્ઠા નારોપંતે, કીધી પ્રેમ ધરી બહુ ખંતે ,
તેના નામે ખ્યાત દિગંતે, ! નારેશ્વર મહાદેવ ! હર હર હર મહાદેવ
સંશોધન રંગે ત્યાં કીધું, ને નારેશ્વર સ્તોત્ર જ દીધું,
જેણે અમૃત પાન એ પીધું તરશે અવશ્યમેવ ! હર હર હર મહાદેવ
પાદરી પારસીઓ કદી આવે, ભાવ ધરી અભિષેક કરાવે,
અવધૂતના પરિવારનું આ તો, આલંબન એકમેવ ! હર હર હર મહાદેવ
કઠોર તપ રંગે કીધું જ્યાં, ધામ થયું કૈલાસ સમું ત્યાં,
નારેશ્વરના નાથ થકી તો, અભિન્ન એ મહાદેવ ! હર હર હર મહાદેવ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi